# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

**Accredited by NAAC with "B" Grade (CGPA 2.21)**

પો.બો.નં.–૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

ફોન:(૦૨૭૬૬) ૨૩૭૦૦૦

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in

પરિપત્ર નં.- ૨૨૫ /૨૦૨૬

વિષય: એલ. એલ. બી. સેમેસ્ટર- ૩ અને ૪ ના અભ્યાસક્રમ અંગે..

આ યુનિવર્સિટીના કાયદા વિભાગના કો-ઓર્ડીનેટરશ્રી તથા સંલગ્ન કાયદા અભ્યાસક્રમની કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, એલએલ.બી અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વધુ સ્પષ્ટતા માટે શૈ.વર્ષ ૨૦૨૬-૨૭ થી યુનિવર્સિટી દ્વારા કાયદા વિદ્યાશાખાના ત્રણ વર્ષના એલએલ બી. અભ્યાસક્રમમાં નવો અભ્યાસક્રમ દાખલ કરવામાં આવેલ છે. એલએલ.બી સેમેસ્ટર - ૩ અને ૪ માં લેબર એન્ડ ઇન્ડસ્ટ્રીયલ લો પેપર- ૧ અને ૨ ના અભ્યાસક્રમમાં સુધારો કરી નવા લેબર કોડ દાખલ કરવામાં આવેલ છે.

એલએલ.બી અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં આ અંગે દ્વિધા હોવાથી આ બાબતે સ્પષ્ટતા કરતા જણાવવાનું કે, એલએલ.બી સેમેસ્ટર - ૩ અને ૪ માં આ વર્ષે પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ નવા અભ્યાસક્રમ મુજબ જ લેબર એન્ડ ઇન્ડસ્ટ્રીયલ લો પેપર-૧ અને ૨ ની પરીક્ષા આપવાની રહેશે. રીપીટર વિદ્યાર્થીઓ માટે જુના સિલેબસની પરીક્ષા આ વર્ષે એક તક આપવા માટે જ લેવામાં આવશે. ઉપરોક્ત પેપરોમાં નવા કાયદાઓ અમલમાં આવેલ હોઈ જુના રદ્દ થઇ ગયેલ કાયદાઓની આગામી શૈક્ષણિક વર્ષ: ૨૦૨૭-૨૮ થી યુનિવર્સિટી દ્વારા જુના સિલેબર્સ મુજબ પરીક્ષા લેવાશે નહિ.

વધુમાં શૈક્ષણિક વર્ષ: ૨૦૨૭-૨૮ થી જે કોઈ રીપીટર વિદ્યાર્થીઓ લેબર એન્ડ ઇન્ડસ્ટ્રીયલ લો પેપર- ૧ અને ૨ ની પરીક્ષા આપવા માંગતા હોય તો તેવા રીપીટર વિદ્યાર્થીઓ જો ઈચ્છે તો તેમની કોલેજોએ ઉપરોક્ત પેપરોના વર્ગો ભરવાની પરવાનગી આપવા સુચન કરવા સુચન કરવામાં આવે છે.

સદર બાબતની જાણ આપના સ્તરે થી અધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થીઓને કરવા વિનંતી છે.

કુલસચિવ

નં.એકે/સ.મં-૨/અXસ/૫૨૨૪/૨૦૨૬

તા.૦૭ /૧૦/૨૦૨૬

**નકલ રવાના: (જાણ તથા ઘટતી કાર્યવાહી સારૂ) (By Email)**

૧. ડીનશ્રી, ફેકલ્ટી ઓફ લો, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ.

૨. ચેરપર્સનશ્રી, લીગલ સ્ટડીઝ અભ્યાસ સમિતિ, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ.

૩. કાયદા વિદ્યાશાખા હેઠળની કોલેજોના આચાર્યશ્રીઓ તરફ

૪. પરીક્ષા નિયામકશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ.

૫. કો-ઓર્ડીનેટરશ્રી- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ.

૬. ડાયરેક્ટરશ્રી – IQAC, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ.

૭. ગ્રંથપાલશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ.

૮. માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનું કાર્યાલય હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ.

૯. સિસ્ટમ એનાલીસ્ટશ્રી, કોમ્પ્યુટર (રીઝલ્ટ સેન્ટર) હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ.

૧૦. પ્રવેશ પ્ર-શાખા, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ

૧૧. મહેકમ શાખા, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ. (૨ નકલ)